BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સીટીએ ટ્રાન્સફર્મેશનલ સેન્ટર ફૉર ઈનોવેશન (નવીન શોધ માટે પરિવર્તનશીલ કેન્દ્ર) માટેના આર્કિટેક્ટ તરીકે ડાયમન્ડ સ્મિટ્ટ (Diamond Schmitt) ની પસંદગી કરી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઈ 27, 2021) – સીટીએ પોતાના સેન્ટર ફૉર ઈનોવેશન (CFI) માટે એક આર્કિટેક્ટની પસંદગી કરીને, ડાઉનટાઉન બ્રેમ્પટનની આર્થિક સંભાવનાને પુનર્જીવિત કરવા અને ઉઘાડી કરવા પોતાનું કામ ચાલુ રાખ્યું છે.

સીટીએ CFI પ્રોજેક્ટની ડિઝાઈનનું કામ કેનેડિયન આર્કિટેક્ટ્સ ડાયમન્ડ સ્મિટ્ટ (Diamond Schmitt) ને સોંપ્યું છે, જેઓ દુનિયાભરમાં સાંસ્કૃતિક, શૈક્ષણિક, અને નાગરિક સ્થળો માટે નવીનતમ ડિઝાઈન્સ પૂરી પાડે છે. ડાયમન્ડ સ્મિટ્ટના શ્રેષ્ઠ જાણીતા પ્રોજેક્ટ્સમાંના કેટલાકમાં સેનેટ ઑફ કેનેડા બિલ્ડિંગ; વેનકુંવરમાં એમિલી કાર્ર યુનિવર્સિટી ઑફ આર્ટ એન્ડ ડિઝાઈન; સેઈન્ટ પિટર્સબર્ગમાં મેરિન્સ્કી II થીયેટર; ઓટાવામાં નેશનલ આર્ટ્સ સેન્ટર; ટોરોન્ટોનું ફૉર સીઝન્સ સેન્ટર ફૉર પરફોર્મિંગ આર્ટ્સ અને ધી ગ્લોબ એન્ડ મેઈલ સેન્ટર; વોટરલૂમાં વિલફ્રિડ લૉરિયર યુનિવર્સિટીમાંનો લાઝારિડિસ હૉલ, અને એકીકૃત આરોગ્ય અને સુખાકારી માટે બ્રેમ્પટનનું પોતાનું પીલ મેમોરિયલ સેન્ટરનો સમાવેશ થાય છે. ડાયમન્ડ સ્મિટ્ટ (Diamond Schmitt) નવી ઓટાવા પબ્લિક લાઈબ્રેરી અને લાઈબ્રેરી એન્ડ આર્કાઈવ્સ (OPL-LAC) ની સહિયારી સગવડની ડિઝાઈન પણ કરી રહ્યાં છે.

શહેરી સમુદાય, ઐતિહાસિક સંદર્ભ અને રચનાત્મક સ્થાન નિર્માણ અને હેતુસર નિર્માણ કરેલી, બહુ ટકાઉ ઓછો કાર્બન અને ઓછી ઊર્જાવાળી ઈમારતો માટે કટિબદ્ધતાથી પ્રેરિત ડિઝાઈન્સ પર ધ્યાન આપીને, ડાયમન્ડ સ્મિટ્ટ ડાઉનટાઉન બ્રેમ્પટનમાં પરિવર્તનશીલ આઈકોન સોંપવા પરિપૂર્ણરીતે બંધ બેસે છે.

CFI બ્રેમ્પટનના ડાઉનટાઉનના હાર્દમાં કેન્દ્રમાં સ્થિત થશે અને શહેરમાં અલ્ગોમા યુનિવર્સિટી, રાયરસન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ ગ્વેલ્ફ-હમ્બર જેવી હાલની અને ભાવિ માધ્યમિક પર્યંત શૈક્ષણિક સંસ્થાઓની ઉપસ્થિતિને સહાયરૂપ બનશે. તે સ્થાનિક ધંધાઓ અને સ્ટાર્ટ-અપ્સ સાથે માધ્યમિક પર્યંત શૈક્ષણિક સંસ્થાઓને જોડવામાં અતૂટ ભૂમિકા ભજવશે અને બ્રેમ્પટનના કાર્યબળને ભાવિ કુશળ નોકરીઓ સાથે જોડવામાં મદદરૂપ થશે. CFI સીટીના ડાઉનટાઉનના હાર્દમાં નોંધપાત્ર પ્રોત્સાહન પૂરું પાડશે, અને સગવડની ડિઝાઈન ઈમારતમાં અને પોતાની સ્ટ્રીટસ્કેપ અને શહેરી ડિઝાઈન મારફતે હકારાત્મક અને પ્રવૃત્તમય વપરાશકાર અનુભવ બંને પૂરું પાડશે.

બ્રેમ્પટનના વિકાસશીલ ઈનોવેશન ડિસ્ટ્રિક્ટના ભાગરૂપે, સેન્ટર ફૉર ઈનોવેશન એક સહયોગી સ્થળ બનશે જે ડિજિટલ સર્જન અને પ્રોગ્રામિંગ, પ્રદર્શન અને ઓડિયો રેકોર્ડિંગ, વિવિધ ક્ષમતાઓ માટે સહાયક ટેકનોલોજીસ, અને સાંસ્કૃતિક દિવસો માટે તકો પૂરી પાડતી નવી સેન્ટ્રલ લાઈબ્રેરી આપવાની તૈયારી બતાવશે. રહેવાસીઓ અને સામુદાયિક ભાગીદારોને પ્રવૃત્તમય બનાવવા લાઈબ્રેરી લચીલી ઓફિસ જગ્યાઓ પૂરી પાડશે.

ડાઉનટાઉન બ્રેમ્પટન GO સ્ટેશનથી શહેરમાં પ્રવેશતા કે શહેરમાંથી પ્રસ્થાન કરતા ટ્રેઈન ઉતારુઓ માટે CFI પ્રવેશદ્વાર અને સીમાચિહ્ન બનશે. તેઓ બ્રેમ્પટનવાસીઓ તેમજ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સેવા આપશે, જે પ્રાથમિક, માધ્યમિક અને માધ્યમિક પર્યંત વિદ્યાર્થીઓને પ્રવૃત્તમય રહેવાની, નવીન શોધ કરવાની અને એકબીજા સાથે તેમજ રહેવાસીઓ, અનુભવલક્ષી શીખવાને પ્રોત્સાહિત કરતા સહયોગી સ્થળમાં ધંધાકીય સમુદાય અને ઉદ્યોગ સાથે સહયોગ સાધવાની તકો પૂરી પાડશે.

બાંધકામ 2023 માં શરૂ થવાની અપેક્ષા રાખવામાં આવે છે.

સમગ્ર COVID-19 સમયગાળા દરમિયાન, સીટીએ ડાઉનટાઉનનું રોકાણ પુનર્જીવિત કરવા અને બ્રેમ્પટનના હાર્દમાં નવા વિકાસ કામો વધારે તીવ્ર બનાવવા પોતાનું કામ ચાલુ રાખ્યું છે. કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાને આગળ વધારતા, ચાલુ પરિવર્તનશીલ પહેલોને સંપૂર્ણ

સમુદાયો બનાવવામાં, આર્થિક સંભાવના ઉઘાડી કરવામાં અને  ઈનોવેશન કોરિડોર પર બ્રેમ્પટનની અજોડ સ્થિતિ પ્રબળ બનાવવામાં મદદ મળશે.

CFI વિશે વધુ જાણવા વેબસાઈટ www.brampton.ca જુઓ

**ઝડપી માહિતી**

- માર્ચ 2021 માં, સીટીએ બ્રેમ્પટનમાં માધ્યમિક પર્યંત વધુ તકોની પ્રોવિન્સની વિસ્તરણની ઘોષણા આવકારી, જેમાં રાયરસન યુનિવર્સિટીમાં મેડિકલ ઈન્સ્ટિટ્યુટ સામેલ છે.
- કાઉન્સિલે પોતાની જુલાઇ 7 ની બેઠકમાં, રાયરસન યુનિવર્સિટીને $1 મિલિયનની આયોજન ગ્રાન્ટ મંજૂર કરી જેનાથી ભવિષ્યમાં બ્રેમ્પટન સ્કૂલ ઓફ મેડિસિનના ભંડોળમાં મદદ મળી રહે.
- ગત જૂન 16, 2021 નાં રોજ, સીટી અને યુનિવર્સિટી ઓફ ગ્વેલ્ફ-હમ્બરે સેન્ટર ફોર ઈનોવેશનમાં એન્કર ટેનન્ટ (મુખ્ય ભાડુઆત) તરીકે શૈક્ષણિક સંસ્થાને બ્રેમ્પટનમાં ખસેડવા માટે પોતાના ઈરાદાને મંજૂરી આપી હતી.
- સીટી ડાઉનટાઉન બ્રેમ્પટનના હાર્દમાં નવીન શોધ અને ધંધાકીય સાહસિકો માટે ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે. ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ સ્ટાર્ટ-અપ, સ્કેલ-અપ, નાના અને મધ્યમ કદના ઉદ્યમો, અને વિશાળ કોર્પોરેટ્સ સહિતના બધાં તબક્કાઓની કંપનીઓ માટે સંસાધનો સાથે સમગ્ર પ્રદેશ તેમજ આંતરરાષ્ટ્રીય નવા આગંતુકોમાંથી સ્ટાર્ટ-અપ્સને ટેકો આપવાના લક્ષ્ય સાથે નવીન પ્રતિભાનું સર્જન કરશે. ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં $21 મિલિયન ઉપરાંતનું રોકાણ કરવામાં આવી રહ્યું છે, જે આપણી આર્થિક રિકવરી વ્યૂહરચનાનો ચાવીરૂપ ભાગ છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

“બ્રેમ્પટન રોમાંચક પરિવર્તનના વચગાળામાં છે, અને આપણું સેન્ટર ફોર ઈનોવેશન આપણાં શહેરને મોટા શિક્ષણ અને નવીનશોધ કેન્દ્રમાં વિકસાવવા મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ટોચની કેનેડિયન પેઢી - ડાયમન્ડ સ્મિટ્ટની પસંદગી કરીને - અમે ડાઉનટાઉન બ્રેમ્પટનની આર્થિક સંભાવના ઉઘાડી કરવા, અને આપણાં રહેવાસીઓને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ અને આવડતોની તકો અહીં પૂરી પાડવા એક પગલું નજીક જઈ રહ્યાં છીએ.”

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

“આપણાં ઈનોવેશન ડિસ્ટ્રિક્ટનો ચાલુ રહેલો વિકાસ આપણી આર્થિક રિકવરી વ્યૂહરચનામાં મહત્વની ક્રિયા છે, અને સેન્ટર ફોર ઈનોવેશન આ ક્ષેત્રમાં ભાવિ વિકાસને વેગ આપવામાં અને આપણી રિકવરીને ટેકો આપવામાં અતૂટ બનશે. હું રોમાંચિત છું કે સીટીએ એક આર્કિટેક્ટની પસંદગી કરી છે, અને સેન્ટર ફોર ઈનોવેશનથી આપણાં ડાઉનટાઉનમાં લાભો જોવામાં આવશે તેવી આશા રાખું છું.”

*- માર્ટિન મૅડીરોસ (Martin Medeiros), રીજીયનલ કાઉન્સિલર, વોર્ડ્સ 3 અને 4; પ્રમુખ, આર્થિક વિકાસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“સીટી આપણાં ડાઉનટાઉનને પુનર્જીવિત કરવા, અને આપણાં રહેવાસીઓ રહી શકે, શીખી શકે, કામ કરી શકે અને રમી શકે તેવા સંપૂર્ણ સમુદાયો બનાવવા સમર્પિત છે. આપણાં પરિવર્તનશીલ સેન્ટર ફોર ઈનોવેશન માટે આર્કિટેક્ટ તરીકે ડાયમન્ડ એન્ડ સ્મિટ્ટ આર્કિટેક્ટ્સ ઈન્ક. (Diamond and Schmitt Architects Inc.) ની પસંદગી થવાની ઘોષણા સાથે, અમે બહુ સખત અને વધારે પ્રભાવશાળી બ્રેમ્પટન બનાવવા માટે કામ કરી રહ્યાં છીએ.”

*- પૉલ વિસેંટે (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વોર્ડ્સ 1 અને 5; ઉપાધ્યક્ષ, આર્થિક વિકાસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“સીટી ઓફ બ્રેમ્પટનમાં આપણી ટીમ આપણાં ડાઉનટાઉનની સંભાવનાને ઉઘાડી કરવા, અને વિદ્યાર્થીઓ અને ધંધાઓના વિકાસ માટે ઈકોસિસ્ટમ બનાવવાનું ચાલુ રાખવા સમર્પિત છે. કેનેડાના ઈનોવેશન કોરિડોર પર આપણાં મુખ્ય સ્થળ વડે, આપણાં સમગ્ર સમુદાયને લાભ આપવા આપણાં શહેરને શિક્ષણ અને નવીન શોધના કેન્દ્રમાં વિકસાવવામાં સીટીનું અગ્રેસર બનવાનું ચાલુ છે. અમે સેન્ટર ફોર ઈનોવેશન પ્રોજેક્ટને આગળ વધતો જોવા, અને આપણાં રહેવાસીઓ માટે પરિણામો મેળવવાનું ચાલુ રાખવાની આશા રાખીએ છીએ.”

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

“નાગરિક દૂરંદેશીપણુંની અસાધારણ પહેલ, સેન્ટર ફોર ઈનોવેશનની ડિઝાઈનમાં સીટી ઓફ બ્રેમ્પટન સાથે સહયોગ સાધવામાં ડાયમન્ડ સ્મિટ્ટ સન્માન અનુભવે છે.”

*- ડૉન સ્મિટ્ટ (Don Schmitt), આચાર્ય, ડાયમન્ડ સ્મિટ્ટ (Diamond Schmitt)*

“અમે આ પરિવર્તનશીલ પ્રોજેક્ટનો ભાગ બનવાથી રોમાંચિત થયા છીએ. નવીન શોધ, સ્થિતિસ્થાપકતા અને ટકાઉપણું માટે અભ્યાસક્રમનું વિગતવાર આયોજન કરવા સેન્ટર ફોર ઈનોવેશન આપણી ટીમ માટે અસાધારણ તક રજૂ કરે છે.”

*- માઈક સ્ઝેબો (Mike Szabo), આચાર્ય, ડાયમન્ડ સ્મિટ્ટ (Diamond Schmitt)*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca